અપીલ અરજી નં.૧૩૮ તા.૧૦–૮–૦૯ /૧૦

અરજદારઃ શ્રી બાલમુકુંદ બી. અધ્વર્યુ
સામાવાળાઃ શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન

## ફરીયાદની હકીકતઃ–

***વિષયઃ***–આરટીઆઈ એકટ હેઠળ શ્રી બાલમુકુંદ બી. અધ્વર્યુની તા.૬–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી આ.નં.૧૭૫ /૩૭૦૯ તા.૬–૭–૦૯ ના રોજ ભરેલ ફી ની રૂા. ૮/– ની નકલ ફાળવેલ ન હોય તે બાબત. (રસીદ નં.૪૪૯૩૮૬)

સંદર્ભઃ– અરજદાર મજકુરની તા.૧૦–૮–૦૯ ની અપીલ અરજી નં.૧૩૮/૦૯–૧૦

ઉપરોકત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, શ્રી બાલમુકુંદ બી. અધ્વર્યુની તા.૬–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી આ.નં.૧૭૫ /૩૭૦૯ તા.૬–૭–૦૯ બાબતે ફી રૂા.૮/– ભરેલ હોવા છતાં નકલ ફાળવેલ ન હોય તે બાબતે મળેલા અનુમાનિત ઈન્કારના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૦–૮–૦૯ થી અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ, તથા અરજી ફી ની વિગત, તબદીલ કે આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા/ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૩૬ તા.૨૫–૮–૦૯ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલઝોન તથા અરજદારને પત્ર મૂળ અરજીની નકલ, જાહેર માહિતી અધિકારીની વિગત, ફી ભરવા કયા જાહેર માહિતી અધિકારીએ પત્ર અન્વયે જણાવેલ તથા ફી ભરપાઈ સમયે સંદર્ભ પત્ર રજુ કર્યાની વિગતો માટે પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તથા અરજદાર તરફથી વિશેષ કોઈપણ માહિતી મળેલ નથી.

અરજદારની તા.૧૦–૮–૦૯ ના રોજ કરેલ અપીલ અરજીમાં નમુના –'ક' માં અરજી રજુ કર્યાની તા. ૬–૭–૦૯ દર્શાવેલ છે, તેવી કોઈ આરટીઆઈ એકટ હેઠળ અરજી થયેલ ન હોય તેમજ ભરેલ દસ્તાવેજ ફી કઈ મુળ અરજી માટેની છે તેની કોઈ જ વિગતો અરજદારને બે તક આપવા છતાં રજુ કરેલ ન હોય તથા અત્રેના દફતર અનુસાર આવી કોઈ મૂળ અરજી ૬–૭–૦૯ ની તારીખની થયેલ હોવાનું જણાતુ ન હોય અરજદારને અપીલ માટેનું કોઈ કારણ બનતુ નથી. તેથી અપીલ અરજી કલમ–૧૯ (૧) હેઠળ થઈ શકે નહીં.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૬–૭–૦૯ના રોજની આરટીઆઈ કલમ–૬(૧) હેઠળ કોઈ અરજી કરેલ ન હોય અપીલનું કોઈ કારણ બનતુ ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૯.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન.....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી બાલમુકુંદ બી. અધ્વર્યુ (બાલુભાઈ મહારાજ)